| | | | |
|---|---|---|---|
| **GJJN070003342020** | | | |
| પ્રાપ્તિ તારીખ | ૨૬/૦૨/૨૦૨૦ | | |
| દાખલ તારીખ | ૨૬/૦૨/૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૩ | ૧૬ |

सत्यमेव जयते

**–:: નમૂનો–અ::–**

**આંક – ૨૮**

| **મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. માંગરોળ** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | ૨૭૦/૨૦૨૦ |
| **:: ગુન્હાની વિગત ::** | |
| ગુનાની કલમ | જુવેનાઈલ જસ્ટીસ એકટ–૨૦૧૫ની કલમ–૭૭ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | સેકન્ડ ૫૧/૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસ સ્ટેશન |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી |
| આરોપી પક્ષ | કિશોરભાઈ નારણદાસ માણેક, ઉ.વ.–૪૭, ધંધો–વેપાર, રહે. માંગરોળ, સિરાજ રોડ, તા. માંગરોળ, જિ. જુનાગઢ. |
| રજુઆત | વિ.વ.શ્રી આરોપી તરફે વાય. આઈ. કાલવાત |

**–:: નમૂનો – બ ::–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૯/૧૧/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૯/૧૧/૨૦૧૯ |
| ચાર્જશીટ રજુ કર્યાની તારીખ | ૨૬/૦૨/૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | ૦૩/૦૮/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## –:: આરોપીની વિગત ::–

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો. કા. સંહિતા કલમ –૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કિશોરભાઈ નારણદાસ માણેક | ૧૯/૧૧/ ૨૦૧૯ | ૧૯/૧૧/ ૨૦૧૯ | જુવેનાઈલ જસ્ટીસ એક્ટ–૨૦૧૫ની કલમ–૭૭ મુજબ | નિર્દોષ છોડ્યા | – | – |

## :: નમૂનો – ક ::

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદપક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર | આંક સંખ્યા |
|---|---|---|---|
| ફ.પ.સા. | નથુભાઈ રામસિંહભાઈ વાઢેર | ફરિયાદી | ૦૭ |
| ફ.પ.સા. | હસનભાઈ મુસાભાઈ બતક | પંચ સાહેદ | ૦૯ |
| ફ.પ.સા. | આસીફભાઈ હુશેનભાઈ બાંડા | પંચ સાહેદ | ૧૧ |
| ફ.પ.સા. | જોગીદાસ લખમણ ગાંગણા | પોલીસ સાહેદ | ૧૨ |
| ફ.પ.સા. | કમલેશભાઈ નરશીભાઈ માકડિયા | પોલીસ સાહેદ | ૧૩ |
| ફ.પ.સા. | ધરમભાઈ દીપકભાઈ વાળા | સાહેદ | ૧૫ |
| ફ.પ.સા. | હરિસિંહ હાનાભાઈ કાછેલા | સાહેદ | ૧૮ |
| ફ.પ.સા. | રાજશીભાઈ રામદેભાઈ | પોલીસ સાહેદ | ૨૨ |
| ફ.પ.સા. | નરેશભાઈ કાળુભાઈ વિંઝુડા | ત.ક.અ. | ૨૩ |

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

**અ.ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ડી.૧ | ૦૮ | અસલ ફરિયાદ |
| ડી.૨ | ૧૦ | પંચનામું |

બ. બચાવ પક્ષ

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | ……… | |

| | | |
|---|---|---|
| બ.સ.૧ | ……… | |

ક. ન્યાયાલય પક્ષ

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | | |
| ન્યા.સ.૧ | | |

ડ. ભૌતિક પદાર્થ :

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | |
| ૨. | ભૌ.પ.૨ | |

**<u>–:: ચુ કા દો ::–</u>**

## (૧.) <u>કેસની ટુંકમાં હકીકત</u>:

ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૯/૧૧/૨૦૧૯ના કલાક–૧૨:૪૫ વાગ્યે પોતાની કબ્જા ભોગવટાની બાબા પાન નામની દુકાનમાંથી સગીરવયનાં કિશોરને નશાકારક તંબાકુની બનાવટનાં વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં આ કામનાં આરોપીએ પોતાની દુકાનમાંથી આ કામનાં સાહેદ સગીરવયનાં કિશોર ધરમભાઈ દિપકભાઈ વાજા, ઉ.વ.–૧૫, ધંધો–અભ્યાસ, રહે. માંગરોળ, માંડવી ગેટ વાળાને નશાકારક તંબાકુની બનાવટની મીરાજ, તંબાકુની પડીકી, નંગ–૦૧, કિં.રૂા. ૦૫ ની આપી, વેચાણ કરી, ગુન્હો કરેલ હોય, જે બનાવની આ કામના ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરેલી.

**(૨.) <u>ફરિયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી:</u>** ફરિયાદીની ફરિયાદ અનુસંધાને આરોપી વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશન દ્વારા ગુના રજી. નંબર સેકન્ડ–૫૧/૨૦૧૯ થી જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૭૭ મુજબનો ગુનો નોંધી, અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધીકારી દ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામાં કરી, આરોપી વિરૂદ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપી

વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

**(૩.) ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું:** આરોપી વિરૂદ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે ફોજદારી કાર્યરીતી સંહીતા–૧૯૭૩ની કલમ ૧૯૦(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીને બજી જતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યાર બાદ આરોપીને વિચારવાનો પુરતો સમય આપ્યા બાદ તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ. જે મતલબનું આરોપી વિરુધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ તથા તેઓની પ્લી આ કામે આંક–૦૫ થી રેકર્ડ કરવામાં આવેલ છે.

**(૪.) પ્રોસીકયુશનનો પુરાવો**: આરોપીઓએ તેઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનો કબુલ નહી હોવાનું જાહેર કરતા, પ્રોસીકયુશન પક્ષે પોતાના કેસના સમર્થમાં નમુના 'ક' મુજબનો મૌખીક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**(૫.) આરોપીનું વિશેષ નિવેદન:** ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીને ખુલાસો કરવા તક આપવા જેવો પુરાવો જણાઈ આવતા આરોપીના ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૧૩ મુજબના નિવેદનો લેવામાં આવેલ. જેમાં તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે આ કેસમાં સંડોવી દીધેલ છે.

**(૬.) સરકારપક્ષની દલીલો:** ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. જે.એન.શ્રીમાળી એ દલીલ કરી જણાવેલ છે કે, ફરિયાદપક્ષે તપાસાયેલ સાહેદો તથા ફરિયાદી અને ત.ક.અમલદારે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે અને તે ધ્વારા આરોપી સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ

રહેલ હોય આરોપીને સદર ગુનામા તકસીરવાન ઠરાવી કાયદામાં દશાવેલ મહત્તમ સજા કરવા જણાવેલ છે.

**બચાવપક્ષની દલીલો:** બચાવપક્ષના વિ.વકીલ શ્રી વાય.આઈ.કાલવાત ધ્વારા લેખીત દલીલ આંક–૨૭ થી રજૂ કરેલ છે જે વંચાણે લીધી. તે દલીલોમાં તેઓએ જણાવેલ છે કે, ફરિયાદપક્ષનો કેસ સાબીત કરવાની જવાબદારી પ્રોસીકયુશનની હોવા છતાં ફરિયાદી તેના કેસને સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તપાસના કામે કોઇ દસ્તાવેજી પુરાવા કે સ્વતંત્ર સાહેદોના નિવેદનો કે પંચો ધ્વારા ફરિયાદી તેમનો કેસ સાબીત કરી શકેલ નથી. તેમજ આંક–૧૫ વાળા સાહેદ તેમજ ફરિયાદીની આંક–૦૭ ની જુબાની તથા આંક–૦૮ ની ફરિયાદ વચ્ચે વિરોધાભાષ જણાઇ આવે છે. ફરિયાદપક્ષનો મુખ્ય સાક્ષી સગીર કોર્ટ સમક્ષ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતો નથી તથા હોસ્ટાઇલ જાહેર થયેલ છે. વેચાણ ઘટનાના સીધા અને વિશ્વનીય પુરાવાના અભાવમાં ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેથી તે શંકાનો લાભ આરોપીને આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

(૭.) ત્યારબાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદ્ધા અત્રેની કોર્ટ ના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ છે.

**–:: મુદ્ધાઓ ::–**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૯/૧૧/૨૦૧૯ના કલાક–૧૨:૪૫ વાગ્યે પોતાની કબ્જા ભોગવટાની બાબા પાન નામની દુકાનમાંથી સગીરવયનાં કિશોરને નશાકારક તંબાકુની બનાવટનાં વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં આ કામનાં આરોપીએ પોતાની દુકાનમાંથી આ કામનાં સાહેદ સગીરવયનાં કિશોર ધરમભાઈ દિપકભાઈ વાજા, ઉ.વ.–૧૫, ધંધો–અભ્યાસ, રહે. માંગરોળ, માંડવી ગેટ વાળાને નશાકારક તંબાકુની બનાવટની મીરાજ, તંબાકુની પડીકી, નંગ– |

| | |
|---|---|
| | ૦૧, કિં.રૂા. ૦૫ ની આપી, વેચાણ કરી, ગુન્હો કરેલ હોય, જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૭૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ ? |

ઉપરોક્ત મુદ્દાઓ ના આ અદાલતના મત મુજબ નિર્ણયો કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ. |

## –: : નિર્ણય માટેના કારણો : :–

**મુદ્દા નં. : ૧**

(૮.) આ કામે ફરીયાદપક્ષે આંક– ૦૭ થી ફરિયાદી નથુભાઇ રામસિંહભાઇ વાઢેર ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગત તા.૧૯/૧૧/૨૦૧૯ના રોજ તેઓ તથા સ્ટાફના માણસો પી.એસ.આઈ.શ્રી એન.કે.વિંઝુડા સાહેબ પોલીસસ્ટેશને હાજર હતા, તે દરમિયાન તેઓને બાતમી મળેલ કે, લીમડા ચોકમાં અધ્યારુ હોસ્પીટલ પાસે આવેલ બાબા પાન દુકાનમાં નાની ઉંમરના બાળકોને તમાકુનું વેચાણ કરે છે, જેથી બે પંચોને બોલાવી, બાતમી હકીકતની સમજ કરી, ત્યારબાદ વિવેકાનંદ હાઈસ્કુલ ગયેલ, અને તેના આચાર્યને મળેલ, અને તેને સમજ કરેલ કે, બાબા પાનમાં તમાકુનું વેચાણ કરતા હોય, તમારી સ્કુલમાંથી એક છોકરો આપો, તેથી એક દસમાં ધોરણમાં મળેલ એક ધરમ નામનો છોકરો આચાર્યએ આપેલ, ત્યારબાદ વિવેકાનંદ સ્કુલથી તેઓ લીમડા ચોક આવેલા અને આ કિશોરને તેઓના સાહેબ વિંઝુડા સાહેબે રુપિયા ૨૦ના દરની નોટ આપેલી, અને આ કિશોર બાબા પાન દુકાને ગયેલ, અને તેઓ તેની આજુબાજુમાં ગોઠવાઈ ગયેલ, અને આ બાબા પાનના શેઠે કિશોરને પાંચ રુપિયા મીરાજ તમાકુની પડીકી આપેલી, અને પંદર રુપિયા પાછા આપેલા, આરોપીએ બાળકને તમાકુના વેચાણની ખરાઈ કર્યા વિના સગીર વયના બાળકને તમાકુ વેચાણ આપેલપ, બાદ તેઓ પોલીસે આરોપી પાસેથી રુપિયા ૨૦ના દરની નોટ પરત મેળવેલ, જેના સીરીયલ નંબર ફરિયાદમાં જણાવેલ છે. દુકાનદાર આરોપીએ જે પંદર રૂપિયા પરત આપેલા તે પાંચ

રુપિયાના દરનો સિકકો તથા દસ રુપિયાના દરની ચલણી નોટ કબજે કરેલ, તથા મિરાજ તમાકુની પડીકી આરોપીએ બાળકને આપેલ હતી, તે પણ કબજે લઈ, વિગતવારનું પંચનામું તેઓના પી.એસ.આઈ.શ્રી વિંઝુડાએ કરેલું, બનાવની સરકાર તરફે તેઓએ આરોપી વિરુધ્ધ ફરિયાદ નોંધાવેલી, તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે, તેમાં તેમની સહી છે, જે આંક–૦૮થી રજુ છે. આરોપીને જોયેથી ઓળખે છે, જે આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ તર્ફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના તપાસ કરનાર અધીકારી તેઓના ઉપરી અધીકારી છે. શાળામાંથી જે ધરમ નામના સગીર વયના બાળકને તેઓએ આ ફરિયાદના કામે મોકલેલ તે બાળકની જન્મ તારીખ તેમની ફરીયાદમાં જણાવેલ નથી. સગીર બાળક ધર્મની ઉંમર તેમની ફરીયાદમાં આશરે જણાવેલી છે. લીમડા ચોકની મધ્યમાં એક સુજાતન સ્કુલ, કન્યા શાળા તથા ખાનગી ટયુશન કલાસીસ આવેલા છે. આ બનાવવાળા સ્થળે વિદ્યાર્થીઓની અવર જવર સતત રહેતી હોય છે. લીમડા ચોકમાં ઘણી બધી પાન માવાની દુકાનો આવેલી છે. તેઓ પોલીસ સ્ટેશનેથી વિવેકાનંદ સ્કુલ કયા વાહનમાં ગયેલા તે તેમની ફરીયાદમાં જણાવેલ નથી. સગીર બાળક ધરમ વાજાએ દુકાન પર જઈ "મીરાજ પડીકી આરોપી પાસે માંગેલ હોય" તેવા ચોકકસ શબ્દો તેમની ફરીયાદમાં જણાવેલ નથી. લીમડા ચોક વિસ્તાર ભરચક વિસ્તાર છે. લીમડા ચોક વિસ્તારમાં ટ્રાફીક રહેતો હોય ટી.આર.બી.ના જવાનો ફરજ પર હોય છે. આરોપી તેમની દુકાનમાં ઠંડાપીણાં તથા પીપરમીન્ટનો ધંધો કરે છે.

(૮.૧) ફરિયાદપક્ષ તરફથી પંચસાહેદ હસનભાઈ મુસાભાઈ બતક તેમની આંક–૦૯ તથા પંચસાહેદ આસીફભાઈ હુશેનભાઈ બાંડા તેમની આંક –૧૧ ની જુબાનીમાં આંક–૧૦ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

(૮.૨) ફરિયાદપક્ષ તર્ફે સાહેદ જોગીદાસ લખમણભાઈ ગાંગણાને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ગત તા.૧૯/૧૧/૨૦૧૯ના રોજ તેઓ તથા સ્ટાફના માણસો પી.એસ.આઈ.શ્રી એન.કે.વિંઝુડા સાહેબ પોલીસસ્ટેશને હાજર હતા, તે દરમિયાન બાતમી મળેલ કે, લીમડા ચોકમાં અધ્યારુ હોસ્પીટલ પાસે આવેલ બાબા પાન દુકાનમાં નાની ઉંમરના બાળકોને તમાકુનું વેચાણ કરે છે, જેથી બે પંચોને બોલાવી, બાતમી હકીકતની સમજ કરી, ત્યારબાદ વિવેકાનંદ હાઈસ્કુલ ગયેલ, અને તેના આચાર્યને મળેલ, અને તેને સમજ કરેલ કે, બાબા પાનમાં તમાકુનું વેચાણ કરતા હોય, તમારી સ્કુલમાંથી એક છોકરો આપો, તેથી એક દસમાં ધોરણમાં મળેલ એક ધરમ નામનો છોકરો આચાર્યએ આપેલ, ત્યારબાદ વિવેકાનંદ સ્કુલથી તેઓ લીમડા ચોક આવેલા, અને આ કિશોરને તેઓના સાહેબ વિંઝુડા સાહેબે રુપિયા ૨૦ના દરની નોટ આપેલી, અને આ કિશોર બાબા પાન દુકાને ગયેલ, અને તેઓ તેની આજુબાજુમાં ગોઠવાઈ ગયેલ, અને આ બાબા પાનના શેઠે કિશોરને પાંચ રુપિયા મીરાજ તમાકુની પડીકી આપેલી, અને પંદર રૂપિયા પાછા આપેલા. આરોપીએ બાળકને તમાકુના વેચાણની ખરાઈ કર્યા વિના સગીર વયના બાળકને તમાકુ વેચાણ આપેલ, બાદ તેઓ પોલીસે આરોપી પાસેથી રુપિયા ૨૦ના દરની નોટ પરત મેળવેલ, જેના સીરીચલ નંબર ફરિયાદમાં જણાવેલ છે, દુકાનદાર આરોપીએ જે પંદર રૂપિયા પરત આપેલા, તે પાંચ રુપિયાના દરનો સિકકો તથા દસ રુપિયાના દરની ચલણી નોટ કબજે કરેલ, તથા મિરાજ તમાકુની પડીકી આરોપીએ બાળકને આપેલ હતી તે પણ કબજે લઈ, વિગતવારનું પંચનામું તેઓના પી.એસ.આઈ.શ્રી વિંઝુડાએ કરેલું, આરોપીને જોયેથી ઓળખે છે, જે આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ તર્ફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના તપાસ કરનાર અધિકારી તેમના ઉપરી અધિકારી છે. શાળામાંથી સગીર વયના બાળકને તેઓએ આ ફરીયાદના કામે મોકલેલ તે બાળકની જન્મ તારીખ તેમના પોલીસ નીવેદનમા નથી. સગીર બાળક ની ઉંમર તેમના નીવેદનમાં

આશરે જણાવેલી છે. લીમડા ચોકની મધ્યમાં એક સુજાતન સ્કુલ, કન્યા શાળા તથા ખાનગી ટયુશન કલાસીસ આવેલા છે. આ બનાવવાળા સ્થળે વિદ્યાર્થીઓની અવર જવર સતત રહેતી હોય છે. લીમડા ચોકમાં ઘણીબધી પાન માવાની દુકાનો આવેલી છે. તેઓ પોલીસ સ્ટેશનેથી વિવેકાનંદ સ્કુલ કયા વાહનમાં ગયેલા તે તેમના નીવેદનમાં જણાવેલ નથી. સગીર બાળક ધરમ વાજાએ દુકાન પર જઈ "મીરાજ પડીકી આરોપી પાસે માંગેલ હોય" તેવા ચોકકસ શબ્દો તેમના નીવેદનમાં જણાવેલ નથી. લીમડા ચોક વિસ્તાર ભરચક વિસ્તાર છે. લીમડા ચોક વિસ્તારમાં ટ્રાફીક રહેતો હોય ટી.આર.બી.ના જવાનો ફરજ પર હોય છે. આરોપી તેમની દુકાનમાં ઠંડાપીણાં તથા પીપરમીન્ટનો ધંધો કરે છે.

(૮.૩) ફરિયાદપક્ષ તર્ફે સાહેદ કમલેશ નરશીભાઈ માકડીયાને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ગત તા.૧૯/૧૧/૨૦૧૯ના રોજ તેઓ તથા સ્ટાફના માણસો પી.એસ.આઈ.શ્રી એન.કે.વિંઝુડા સાહેબ પોલીસસ્ટેશને હાજર હતા, તે દરમિયાન બાતમી મળેલ કે, લીમડા ચોકમાં અધ્યારુ હોસ્પીટલ પાસે આવેલ બાબા પાન દુકાનમાં નાની ઉંમરના બાળકોને તમાકુનું વેચાણ કરે છે, જેથી બે પંચોને બોલાવી, બાતમી હકીકતની સમજ કરી, ત્યારબાદ વિવેકાનંદ હાઈસ્કુલ ગયેલ, અને તેના આચાર્યને મળેલ, અને તેને સમજ કરેલ કે, બાબા પાનમાં તમાકુનું વેચાણ કરતા હોય, તમારી સ્કુલમાંથી એક છોકરો આપો, તેથી એક દસમાં ધોરણમાં મળેલ એક ધરમ નામનો છોકરો આચાર્યએ આપેલ, ત્યારબાદ વિવેકાનંદ સ્કુલથી તેઓ લીમડા ચોક આવેલા, અને આ કિશોરને તેઓના સાહેબ વિંઝુડા સાહેબે રુપિયા ૨૦ના દરની નોટ આપેલી, અને આ કિશોર બાબા પાન દુકાને ગયેલ, અને તેઓ તેની આજુબાજુમાં ગોઠવાઈ ગયેલ, અને આ બાબા પાનના શેઠે કિશોરને પાંચ રૂપિયા મીરાજ તમાકુની પડીકી આપેલી, અને પંદર રૂપિયા પાછા આપેલા.આરોપીએ બાળકને તમાકુનાં વેચાણની ખરાઈ કર્યા વિના સગીર વયના બાળકને તમાકુ વેચાણ આપેલ, બાદ તેઓ પોલીસે આરોપી પાસેથી રુપિયા ૨૦ના દરની નોટ પરત મેળવેલ જેના સીરીયલ નંબર ફરિયાદમાં જણાવેલ છે, દુકાનદાર આરોપીએ જે પંદર રૂપિયા પરત આપેલા તે પાંચ રુપિયાના દરનો સિક્કો તથા દસ

રૂપિયાના દરની ચલણી નોટ કબજે કરેલ, તથા મિરાજ તમાકુની પડીકી આરોપીએ બાળકને આપેલ હતી તે પણ કબજે લઈ, વિગતવારનું પંચનામું તેઓના પી.એસ.આઈ.શ્રી વિંઝુડાએ કરેલું, આરોપીને જોયેથી ઓળખે છે, જે આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ તર્ફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના તપાસ કરનાર અધિકારી તેમના ઉપરી અધિકારી છે. શાળામાંથી સગીર વયના બાળકને તેઓએ આ ફરીયાદના કામે મોકલેલ તે બાળકની જન્મ તારીખ તેમના પોલીસ નીવેદનમા નથી. સગીર બાળક ની ઉંમર મારી નીવેદનમાં આશરે જણાવેલી છે. એ વાત ખરી છે કે લીમડા ચોકની મધ્યમાં એક સુજાતન સ્કુલ, કન્યા શાળા તથા ખાનગી ટયુશન કલાસીસ આવેલા છે. એ વાત ખરી છે કે આ બનાવવાળા સ્થળે વિદ્યાર્થીઓની અવર જવર સતત રહેતી હોય છે. એ વાત ખરી છે કે લીમડા ચોકમાં ઘણીબધી પાન માવાની દુકાનો આવેલી છે. એ વાત ખરી નથી કે લીમડા ચોકથી વિવેકાનંદ સ્કુલ માંગરોળનું અંતર ૨ કિલોમીટર છે. એ વાત ખરી છે કે અમો પોલીસ સ્ટેશનેથી વિવેકાનંદ સ્કુલ કયા વાહનમાં ગયેલા તે મારી નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ હાલની ફરીયાદ દાખલ થયેલ તે પહેલા જાહેર જનતામાંથી આરોપી વિરુધ્ધ તમાકુ વેચાણ સંબંધની કોઈ ફરિયાદ આવેલ નથી. એ વાત ખરી છે કે સગીર બાળક ધરમ વાજાએ દુકાન પર જઈ “મીરાજ પડીકી આરોપી પાસે માંગેલ હોય" તેવા ચોકકસ શબ્દો મારી નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે લીમડા ચોક વિસ્તાર ભરચક વિસ્તાર છે. લીમડા ચોક વિસ્તારમાં ટાફીક રહેતો હોય ટી.આર.બી.ના જવાનો ફરજ પર હોય છે. આરોપી તેમની દુકાનમાં ઠંડાપીણાં તથા પીપરમીન્ટનો ધંધો કરે છે.

(૮.૪) ફરિયાદપક્ષ તર્ફે સાહેદ ધરમ દિપકભાઈ વાળાને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ વિવેકાનંદ સ્કુલ માંગરોળ ખાતે બનાવના અરસામા નવમા ધોરણમા ભણતા હતા. બનાવના દિવસે લીમડા ચોકમા ગયેલો અને ત્યા પાણીની બોટલ

લેતો હતો તે વખતે પાછળથી પોલીસ આવી તેમને અને પાનની દુકાનવાળા બન્નેને લઈ ગયેલા. આ ભાભા પાનવાળા હતા. પો.સ્ટે તેઓ બહાર બેઠેલ હતા અંદર પોલીસે શુ કરેલ તે તેમને ખબર નથી. પોલીસે માત્ર તેમનું નામ અને સરનામુ પુછેલ.

આ સિવાય ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષ તર્ફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બાબા પાન વાળાની દુકાને મારે વારંવાર જવાનુ થતુ હોય તેઓ તેમને બનાવ પહેલાથી ઓળખે છે. કહેવાતા બનાવ વખતે દુકાને કોણ બેઠેલ હતુ તેનો તેમને ખ્યાલ નથી. પોલીસે તેઓની હાજરીમા કોઈ મુદામાલ કબ્જે કરેલ નથી. પોલીસે તેમના નીવેદનમા શુ લખેલ તેની તેમને ખબર નથી. પોલીસે માત્ર તેમનું નામ અને સરનામુ જ પુછેલ બીજુ કાઈ પુછેલ નહી.

(૮.૫) ફરિયાદપક્ષ તર્ફે સાહેદ હરિસિંહ હાનાભાઈ કાછેલાને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ વખતે તેઓ વિવેકાનંદ સ્કુલ, માંગરોળ ખાતે ફરજ બજાવતા હતા. તા.૧૯/૧૧/૨૦૧૯ ના રોજ પી.એસ.આઈ. વીંઝુડા તેના સ્ટાફ સાથે તેઓની શાળાએ આવેલા, તેમણે આવીને તેમને વાત કરેલ કે, નાના બાળકોને તમાકુ વેચતા હોય, તે બાબતે તપાસ કરવાની છે, જેથી તેઓએ તેઓની શાળાના વિદ્યાર્થી ધરમભાઈ દીપકભાઈ વાજાને તેના વાલીની સંમતિ લઈ, પોલીસ સાથે મોકલેલો. પોલીસ તેઓની શાળાના વિદ્યાર્થીને માંગરોળ, લીમડાચોકમાં આવેલી બાબા પાન નામની દુકાને મીરાજ તમાકુની પડીકી લેવા મોકલેલા, આ બાબા પાનની દુકાને જઈ, ધરમ નામનો વિદ્યાર્થી તમાકુની પડીકી લઈ આવેલો, અને પોલીસે આગળની કાર્યવાહી કરી, વિદ્યાર્થીને શાળામાં મુકી ગયેલા, પોલીસે તેમનો જવાબ લીધેલો.

બચાવપક્ષ તર્ફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે તેઓ તેમની શાળાએ તેમની ફરજ પર હતા. બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય તેમને બનાવની જાત માહીતી નથી. પી.એસ.આઈ. વીંઝુડા સાથે બીજા કયા માણસો આવેલા તે તેઓ જાણતો નથી. વીવેકાનંદ સ્કુલથી લીમડાચોક થણી દુર છે. પોલીસે તેમની હાજરીમા કોઈ કાર્યવાહી કે પંચનામુ કરેલ નથી.

(૮.૬) ફરિયાદપક્ષ તર્ફે સાહેદ રાજશીભાઈ રામદેભાઈ સોલંકીને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, રાજશીભાઈ રામદેભાઈ સોલંકીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૯ માં માંગરોળ પો.સ્ટેમાં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે વખતે આ ગુનાની તપાસ પી.એસ.ઓ તરફથી તેઓને મળતાં તેઓએ તપાસ સંભાળેલ, લાગતાં–વળગતાં શાહેદોના નિવેદનો લીધેલા, બાદ આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી એન.કે.વીંઝુડાનાઓએ સોંપેલી, આરોપીને અટક કરેલા, આરોપીને ઓળખે છે, આજરોજ કોર્ટમા હાજર છે.

બચાવપક્ષ તર્ફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે સાહેદોના નીવેદન નોંધવા તથા આરોપીને અટક કર્યા સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. કહેવાતી રેઇડ કાર્યવાહી મા તેઓ સામેલ ન હતા.

(૮.૭) ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નરેશભાઈ કાળુભાઈ વિંઝુડાને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ સને–૨૦૧૯માં માંગરોળ પો.સ્ટેમાં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા, તા. ૧૯/૧૧/૨૦૧૯ ના રોજ તેઓ તથા અન્ય પો.સ્ટાફના માણસો પો.સ્ટેમાં હાજર હતા, તે દરમીયાન તેઓની સાથેના એ.એસ.આઈ., વાઢેર ભાઈને એક બાતમી હકીકત મળેલ કે, માંગરોળ ટાઉન વિસ્તારમાં બાબા પાન ખાતે, દુકાનના માલિક નાના બાળકોને તમાકુ તથા નશીલા પદાર્થનું કોઈપણ પ્રકારની પૂછપરછ વગર વેચાણ કરતા હોય, જેથી તેઓ સાથેના એ.એસ.આઈ. તેઓને તથા તેમના અન્ય સ્ટાફને માહીતગાર કરી, પંચો

પો.સ્ટે ખાતે બોલાવી, ત્યારબાદ માંગરોળ ટાઉનના વિવેકાનંદ શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી, તેને સદર હકીકતની સમજ કરી, તેઓને એક વિદ્યાર્થી આ કામગીરી માટે ફાળવવા માટે વીનંતી કરતાં, તેઓએ એક વિદ્યાર્થી, ઉ.વ.૧૫ નો તેઓની સાથે મોકલી આપેલ. સદર વિદ્યાર્થીને તેઓ તથા પંચોની ઓળખ આપી, ઝડતી કરાવી, તેઓની પાસેના ૨૦ રૂપિયા આપી, અને સદર બાતમી વાળી જગ્યાએ પો.સ્ટાફના માણસો તથા પંચો, બાળક તથા દુકાનદારની વાતચીત સાંભળી શકે તે રીતે પહોંચી, અને બાળકે તમાકુની પડીકી માંગતાં, સદર દુકાનદારે તંબાકુ આપેલ, ત્યારબાદ પોતાની પાસે રહેલા ૨૦ રૂપિયા આપી, અને આમ, સદર હકીકતવાળી બનાવ સાચો હોય, જે પંચો રુબરુ અને વિદ્યાર્થી સાથે પંચનામુ કરી, પો.સ્ટે. આવી, તેઓની સાથેના એ.એસ.આઈ.શ્રી વાઢેરભાઈનાઓએ ફરિયાદ આપેલ, બાદ આરોપી અટક તથા તપાસને લગતી અન્ય કામગીરી કરી, આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય, ચાર્જશીટ કરેલ, તેમને આંક–૧૦ વાળુ પંચનામું બતાવવામાં આવે છે, જેમાં તેમની તથા પંચોની સહી છે, જે ઓળખે છે, આરોપીને ઓળખે છે, આજરોજ કોર્ટમા હાજર છે.

બચાવપક્ષ તર્ફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સબંધીત વિદ્યાર્થીની ઉમરનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. લીમડાચોક વીસ્તારમા ઘણી બધી પાન મસાલા, બીડીની દુકાનો છે તથા સતત લોકોની અવર જવર રહે છે. આ લીમડાચોક વીસ્તારમા ઘણા બધા ટયુશન કલાસીસ પણ આવેલ છે. કહેવાતા બનાવ સ્થળે રહેતી જાહેર જનતામાથી હાજર હોય તેવી વ્યકિતઓના નીવેદન તેઓએ લીધેલ નથી. કહેવાતી કામગીરીમા તેઓ જે સગીર વિદ્યાર્થીને સાથે લઈ ગયેલાનુ જણાવે છે તેના વાલીની તેઓએ કોઈ સહમતી મેળવેલ નહી. આ કામના સાહેદો તેઓના પો.સ્ટાફના માણસો છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૯.) આ કામે ફરિયાદપક્ષે આંક–૭ થી ફરિયાદી એન.આર.વાઢેરની સોગંદ પરની જુબાની થયેલ છે જેમા તેઓએ આંક–૮ થી રજુ ફરિયાદ હકીકતને

સમર્થન કરેલ છે તથા આંક–૧૨ થી તપાસાયેલ જોગીદાસભાઈ લાાખાભાઈ તથા આંક–૧૩ થી તપાસાયેલ કમલેશભાઈ નરસીભાઈ કે જેઓ પોલીસ સાહેદો છે તેઓ પણ તેમની જુબાની દરમિયાન આ કામના આરોપી ધ્વારા સગીર બાળકને નશાકારક તંબાકુની બનાવટની મીરાજ તંબાકુની પડીકી નંગ–૧ વેંચાણ કરી ગુનો કરેલ હોવાનું જણાવે છે. પરંતુ આંક– ૧૫ થી તપાસાયેલ સાહેદ સગીર ધરમભાઇ દિપકભાઈ વાજા તેમની સોગંદ પરની જુબાનીમાં તેઓ આરોપીની દુકાને પાણીની બોટલ લેવા ગયેલ હોવા અંગે જણાવે છે વધુમાં આ મહત્વના સાહેદ તેમની ઉલટતપાસ દરમિયાન જણાવે છે કે કહેવાતા બનાવ વખતે આ દુકાને કોણ બેઠેલ હતુ તેનો ખ્યાલ નથી તેમજ પોલીસે તેમની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ નથી. તેથી ફરિયાદી તેમની ફરિયાદમાં જે સગીર સાહેદને તંબાકુની પડીકી લેવા માટે મોકલેલ તેવુ જણાવે છે તે સાહેદ તેની આંક–૧૫ ની જુબાનીમા પોતે પાણીની બોટલ લેવા ગયા હતા તેવું જણાવતા હોય ફરિયાદપક્ષના કેસમા વિરોધાભાષ ઉભો થાય છે.

**(૯.૧)** વધુમાં ફરિયાદપક્ષના કેસ મુજબ જે સ્વતંત્ર પંચ સાહેદોની હાજરીમાં આરોપીની દુકાને સગીર વયના બાળકને સાથે રાખીને રેઈડમાં ગયેલ અને બનાવ અંગેનું પંચનામુ કરેલ હોવાનો કેસ છે તે પંચ સાહેદોને આંક–૯ તથા આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે પરંતુ તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૧૦ થી રજુ થયેલ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓની રુબરુમાં કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી તેવી હકીકત જણાવે છે. જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૭૭ વંચાણે લેતાં જયારે કોઈપણ સગીર હોય અને તે સગીરને જે કોઈ વ્યકિત ધ્વારા તંબાકુ જેવા નશાકારક વસ્તુનુ વેંચાણ કરવામાં આવે ત્યારે લાગુ પાડી શકાય છે. આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદો ધ્વારા તેમની જુબાની દરમિયાન આંક–૧૫ વાળા સગીર સાહેદને રૂા.૨૦ ના દરની ચલણી નોટ આપી આરોપીની દુકાને તંબાકુની પડીકી લેવા મોકલેલ હોય તેવી હકીકત જણાવવામાં આવેલ છે પરંતુ તે સગીરની ઉંમર કેટલી હતી તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ ઉપરાંત આ કામે આંક– ૧૮ થી તપાસાયેલ સાહેદ હરિસિંહ હાનાભાઈ કાછેલા કે જેઓ વીવેકાનંદ

હાઇસ્કુલના પ્રિન્સીપાલ છે તેઓએ તેમની શાળાના વિધાર્થી ધરમભાઇ દિપકભાઇ વાજાને તેમના વાલીની સંમતી લઇ પોલીસ સાથે માંગરોળ લીમડાચોકમાં આવેલી બાબા પાન નામની દુકાને મીરાજ તંબાકુની પડીકી લેવા મોકલેલ હોવાનું અને આ બાબા પાનની દુકાને જઇ ધરમ નામનો વિધાર્થી તંબાકુની પડીકી લઇ આવેલો અને પોલીસે આગળની કાર્યવાહી કરી વિધાર્થીને શાળામાં મુકી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ આ કામે તેવા સગીર સાહેદના વાલીની સંમતી મેળવેલ હોય કે પોલીસ તરફથી તેઓને કોઇ યાદી મળેલ હોય તે અંગેનો કોઇ આધાર પુરાવો આ સાહેદ ધ્વારા કે ત.ક.અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ સાહેદે તેમની બચાવપક્ષ ધ્વારા થયેલ ઉલટતપાસમાં પોલીસે તેમની હાજરીમાં કોઇ કાર્યવાહી કે પંચનામુ કરેલ નહી હોવાનું જણાવેલ છે તથા તે વીધાર્થી ધરમભાઇ દિપકભાઇ વાજાને ફરિયાદપક્ષે આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસેલ છે જેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને લેસમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં ફકત દલીલ ખાતર તે વીધાર્થીને આરોપીની દુકાને મોકલેલ હોવાનું માની લેવામાં આવે તો પણ સાહેદો ધ્વારા તેઓની જુબાની દરમિયાન જણાવેલ છે કે, લીમડાચોક વીસ્તાર ઘણી બધી પાન મસાલા બીડીની દુકાનો છે અને સતત લોકોની અવર–જવર રહે છે, તો તેવા સંજોગોમાં કહેવાતા બનાવ સ્થળે રહેતી જાહેર જનતા માંથી હાજર હોઇ તેવી વ્યકિતઓના નિવેદન મેળવી શકવામાં આવેલ હોત, તેમછતાં આ કામના ફરીયાદી ધ્વારા આવા કોઇ સ્વતંત્ર સાહેદને બોલાવી તેઓની હાજરીમાં રેઇડ કરવામાં આવેલ નથી. આ કામે આંક–૨૩ થી તપાસાયેલ ત.ક.અમલદાર ધ્વારા તેમની ઉલટતપાાસ દરમિયાન સ્વીકારેલ છે કે, કહેવાતા બનાવ સ્થળે રહેતી જાહેર જનતા માંથી હાજર હોય તેવી વ્યકિતઓના નિવેદન તેઓએ લીધેલ નથી અને આ કામના સાહેદો તેઓના પોલીસ સ્ટાફના માણસો છે.તેથી સ્વતંત્ર સાહેદો આશાનીથી મળી શકે તેમ હોવા છતાં તેઓને તપાસવામાં આવેલ નથી કે તેઓને ચાર્જશીટમાં સાહેદ તરીકે પણ દર્શાવેલ નથી. આમ તપાસ કરનાર અધિકારીએ બનાવવાળા લીમડા ચોક વિસ્તારનાં દુકાનો વાળા કે રહેણાંકી મકાનો વાળા કે આજુબાજુનાં તટસ્થ એવા સાક્ષીઓનાં નીવેદનો કે દસ્તાવેજી પુરાવા મેળવેલ નથી કે રજુ રાખેલ

નથી તથા મહત્વનાં સાહેદ એવા આંક– ૧૫ વાળા સાહેદ ફરીયાદ પક્ષનાં કેસની આક્ષેપિત હકીકતને લેશમાત્ર સમર્થન કરતાં નથી.

(૯.૨) ઉપરોકત તમામ કારણોસર ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરેલ હોવાનું જણાઈ આવતુ નથી. વધુમા ફરિયાદપક્ષએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નં બર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે, “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India." આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું

ન્યાયોચિત જણાતું નથી. આ તમામ પરીબળોને ધ્યાને લેતા તથા રેકર્ડ ઉપરના પુરાવા અને ઉપર ચર્ચા કરી તેને ધ્યાને લેતા તથા બન્ને પક્ષકારો તર્ફે કરવામાં આવેલ તાર્કિક અને ભાર પુર્વકની દલીલોને ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ સબળ,વિશ્વસનીય પુરાવાથી નિ:શંક પણે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારાત્મક ઠરાવી, આ કેસના આખરી નિર્ણય માટે મુદ્દા નં.ર અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી તેઓ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧.) આ કામના આરોપી કિશોરભાઈ નારણદાસ માણેક, ઉ.વ.–૪૭, ધંધો–વેપાર, રહે. માંગરોળ, સિરાજ રોડ, તા.માંગરોળ, જિ.જૂનાગઢનાઓને જુવેનાઈલ જસ્ટીસ એકટ સને–ર૦૧પ ની કલમ–૭૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામે કબજે કરેલ મુદામાલ તમાકુની પડીકીનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો તથા રોકડ રકમ અપિલ સમય વિત્યા બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩.) આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૭ (એ) મુજબ આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

**ચુકાદો આજરોજ તારીખ–૧૧, માહે–જુન, સને–ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી–સિક્કો કરી, જાહેર કર્યો.**

**માંગરોળ,**
**તારીખ. ૧૧/૦૬/ર૦ર૬.**

**(એસ. પી. ચોપરા)**
**જ્યુડી. મેજિ. ફર્સ્ટ કલાસ**
**માંગરોળ**
**કોડ નં – જીજે ૦૧૩૭૭**